

કલેક્ટર કચેરી ખાતે ફાયર સેફ્ટી માટે રાખવામાં આવેલ વાલ્વ બંધ હાલતમાં જોવા મળ્યો હતો. (તસવીર : દિપક જાની)

# મત્સ્યોદ્યોગ ખાતાના કર્મચારીઓના તેજસ્વી વિદ્યાર્થીઓ સન્માનાયા

ગાંધીનગર, તા. ૧૮

મત્સ્યોદ્યોગ ખાતાની ૧૩મી વાર્ષિક સાધારણ સભા કર્મચારીઓની યોજાઈ હતી. મંડળીના પ્રમુખ પ્રદ્યુમનસિંહ વાઘેલાના અધ્યક્ષ સ્થાને તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનવામાં આવ્યા હતા. સમારંભમાં મુખ્ય મહેમાન તરીકે મેયરશ્રી મહેન્દ્રસિંહજી રાણા, કમિશ્નરશ્રી પી.એલ. દરબાર, નિવૃત નાયબ કમિશ્નરશ્રી એ.યુ.બુચ હાજર રહ્યા હતા.

મંડળીના પ્રમુખશ્રી પ્રદ્યુમનસિંહ વાઘેલાએ મંડળીનું ટર્નઓવર રૂા. ૭૨.૫૪ લાખ જણાવેલ હતું. સભાસદો શૅર ફાળા પર ૧૩ ટકા તથા બચત પર ૧૯ ટકા વ્યાજની જાહેરાત કરી હતી. ધિરાણ મર્યાદા એક લાખ કરવામાં આવી હતી. બચત પ્રોત્સાહન ઈનામ ડ્રો માં ૫૦ ગ્રામ ચાંદીની લગડીઓ આપવામાં આવી હતી. ૪૨ તેજસ્વી તારલાઓને સન્માનવામાં આવ્યા હતા. સભાનું સંચાલન મંડળના ઉપ-પ્રમુખશ્રી જી.એચ. મદલાણીએ કર્યું હતું. આભાર વિધિ શ્રી કે.યુ. પટેલે કરી હતી. મંડળીના મંત્રીશ્રી બી.એફ. દવેએ જણાવ્યું હતું.

# વિશ્વ વસ્તી દિનનો વર્કશોપ આશા કાર્યકર બહેનોનો યોજાયો

ગાંધીનગર, તા. ૧૮

જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. આર.આર. વૈદ્ય તેમજ જિલ્લા આર.સી. એમ.ઓ. ડૉ. આર.વી. પંડ્યા. જિલ્લા આઈ.ઈ.સી. ઑફિસ ઑફિસર શ્રીમતી ચેતનાબેન પટેલ તેમજ બ્લોક હેલ્થ ઓફિસર ડૉ. હરેશભાઈ ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ ગાંધીનગર તાલુકાની આશા કાર્યકર ફેસિલીટેટરનો વર્કશોપ યોજવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડૉ. આર.આર. વૈદ્ય, જિલ્લા આર.સી.એચ.ઓ. ડૉ.આર.વી.પંડ્યા, જિલ્લા આઈ.ઈ.સી.ઓફિસર શ્રીમતી ચેતનાબેન પટેલ, ડૉ. દિપક ઠાકર, બ્લોક હેલ્થ ઓફિસર ડૉ. હરેશભાઈ ત્રિવેદીએ વિશ્વ વસ્તી દિનની ઉજવણીનું માર્ગદર્શન આપ્યું હતું.

કાર્યક્રમને સફળ બનાવવા ભાનુભાઈ પરમાર તથા સુપરવાઈઝર શ્રીઓએ મહેનત કરેલ હતી. સંચાલન શ્રી પ્રવિણભાઈ લીમ્બાચિયાએ કરેલ હતું.

## વાવોલમાં રામધામ રામજી મંદિરમાં શ્રાવણ માસની ભવ્યતાથી ઉજવણી થશે

વાવોલ, તા. ૧૮

ભારતીય સંસ્કૃતિ પ્રમાણે પવિત્ર શ્રાવણ માસનો પ્રારંભ થઈ રહ્યો છે. તા. ૨૦ જુલાઈથી આ શ્રાવણ માસ નિમિતે શ્રી રામજી મંદિર રામધામ ખાતે એક માસ સુધી મંદિરમાં શિવ મહાપુરાણની કથાનું બપોરે ૩.૩૦થી ૬.૩૦ સુધી થશે. તા. ૨૧ જુલાઈથી શ્રી ઠાકોરજીના વિવિધ હિંડોળા દર્શન થશે. તો આ પ્રસંગે મંદિરમાં એક માસ સુધી વિવિધ પ્રસંગે ઉત્સવો કથાના પ્રસંગો ઉજવવામાં આવનાર છે. ભકતોને લાભ લેવાનું જણાવવામાં આવે છે.

## શ્રી ખાખરાવાળી સધી માતાજીના મંદિરે શ્રાવણ માસમાં શિવજીનો મંત્રોજાપ

ગાંધીનગર, તા. ૧૮

શ્રી મેલડી માતાજીના ઉપાસક અને ગુજરાત રાજ્ય કર્મચારી મહામંડળના મહામંત્રીશ્રી આર.કે. નાયક જણાવે છે કે, માતાજીના ઉપાસકશ્રી અરવિંદભાઈ પટેલના સાંનિધ્યમાં શ્રી ખાખરાવાળી સધી માતાજીના મંદિરે સેકટર-૨૫, જી.આઈ.ડી.સી. ખાતે શ્રાવણ માસથી ૨૪ કલાક ભગવાન શિવજીના મંત્રોજાપ યોજાશે. ભક્તોને લાભ લેવા જણાવેલ છે.

## શ્રાવણ માસમાં શ્રીમાળી બ્રાહ્મણ સમાજ દ્વારા શિવ રૂદ્રાભિષેક- પાઠ યોજાશે

ગાંધીનગર, તા. ૧૮

શ્રીમાળી બ્રાહ્મણ સમાજ ગાંધીનગર દ્વારા આયોજિત શ્રાવણ માસ દરમ્યાન શિવ રૂદ્રાભિષેક અને શિવ મહિમ્નના પાઠ સમગ્ર માસ દરમ્યાન યોજેલ છે.

## આજે સુંદરકાંડના પાઠ યોજાશે

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર જિલ્લાના વાવોલ ગામે આવેલા ઈ-૯, ગ્રીન સીટી જગદીશભાઈ ગીતાબેન ચૌધરીના નિવાસસ્થાને યુવા કથાકાર સંજયભારતી ગોસ્વામીની વ્યાસપીઠે આજે રાત્રે ૮ કલાકે સુંદરકાંડના સંગીતમય પાઠ યોજાશે. ગાંધીનગરના સૌ ભકતજનોને અમાસના આ પવિત્ર દિવસે પધારવા આયોજકો દ્વારા ખાસ નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# શહેરમાં ખાલી આવાસોની સંખ્યા નહિંવત સામે ૩૫૩ અરજીઓ પડતર

ગાંધીનગર, તા. ૧૭

શહેરમાં વિવિધ સેક્ટરોમાં સ્થિત જુદી જુદી કેટેગરીના ૧૬ હજારથી વધુ સરકારી મકાનો અસ્તિત્વ ધરાવે છે. આમ છતાં હાલની સ્થિતિએ સરકારી આવાસ ખાલી ન હોવાથી વિભાગકક્ષાએ મકાન ફાળવણી માટે કરાયેલી ૩૫૩ જેટલી અરજીઓ પડતર હોવાનું પ્રકાશમાં આવ્યું છે. ડી.વાય.એસ.ઓ.ની પોલીસ કર્મચારીઓની ભરતીના અંતે આવાસની ડીમાન્ડ વધતા મકાન ફાળવણીની પ્રક્રીયાના મામલે મુંઝવણભરી સ્થિતિ સર્જાઈ છે. બીજી તરફ ઘણા ખરા આવાસો મજબૂતીકરણની કામગીરી હેઠળ હોવાની આ પ્રક્રીયામાં રૂકાવટ આવી છે.

શહેરના સેક્ટરોમાં સ્થિત વિવિધ કેટેગરીના આવાસોને અનુલક્ષી તંત્ર દ્વારા તબક્કાવાર મજબુતીકરણનું કામ હાથ ધરવામાં આવે છે જયારે આવાસોના મજબુતીકરણની કામગીરી દરમિયાન તંત્ર સમક્ષ રજૂ થતી મકાન ફાળવણીની અરજીઓનો પણ સમયસર નિકાલ લાવવાનું મુશ્કેલ બન્યું હોવાનો સૂર ઉદ્ભવ્યો છે. શહેરમાં અંદાજિત ૧૬ હજારથી વધુ સરકારી આવાસો અસ્તિત્વ ધરાવે છે ત્યારે હાલની સ્થિતિએ ખાલી મકાનોની સંખ્યા આંગણીના વેઢે ગણી શકાય તેટલી જ છે. થોડા સમય પૂર્વે સરકાર કક્ષાએથી ડી.વાય.એસ.ઓ.ની ભરતીના અંતે મકાન ફાળવણીને અનુલક્ષી તંત્ર કક્ષાએ પેન્ડીંગ અરજીઓની સંખ્યા વિશેષ હોવાનું ધ્યાને આવ્યું છે. શહેરમાં ચ-કેટેગરીના મકાનોને અનુલક્ષી ૧૨૧, છ-કેટેગરી માટે ૨૫ જ્યારે જ-૨ કેટેગરીના આવાસ માટે ૧૯૨ તેમજ જ-૧ કેટેગરીના મકાનોની ફાળવણી માટે ૧૫ અરજીઓનો ભરાવો થયો છે. એકબાજુ શહેરના આવાસોમાં રીનોવેશનની કામગીરીને અનુલક્ષી મકાન ફાળવણીનું કામ આમ પણ મુશ્કેલ બન્યું હોવાનો સૂર ઉઠવા પામ્યો છે. જ્યારે હવે ખાલી મકાનોની સંખ્યા પણ નહીવંત હોવાથી નવા અરજદારોને મકાન ફાળવવાનું કામ કસોટીરૂપ હોવાનું ચિત્ર ઉપસી આવ્યું છે. છેલ્લા બે મહિના દરમિયાન ચ- કેટેગરીના ૭૮ મકાનોની ફાળવણી કરવામાં આવી છે.

# કોલવડામાં વિદેશી દારૂની બે પેટી સાથે એક ઝડપાયો

## કન્યા શાળા પાછળના મકાનમાંથી દારૂ પકડાયો

ગાંધીનગર, તા. ૧૮

એલ.સી.બી. પોલીસે કોલવડા ગામમાં કન્યા કન્યાશાળાની પાછળના વિસ્તારમાં સ્થિત એક મકાનમાં રેઈડ કરી વિદેશી દારૂનો જથ્થો કબજે લઈ એક ઈસમની ધરપકડ કરી છે.

એલ.સી.બી. પોલીસ ઈન્સ્પેકટર એમ. જે. સોલંકીએ સ્ટાફના માણસોને પ્રાહિબિશન સંદર્ભે બાતમીદારો પાસેથી માહિતી મેળવવા સૂચના આપી હતી. જેના અંતે મળેલી બાતમીના અનુસંધાને એલ.સી.બી. પોલીસે ગઈકાલે કોલવડા ગામમાં રેઈડ કરી હતી. આ દરમિયાન ગામમાં સ્થિત કન્યાશાળાની પાછળના ભાગમાં આવેલ મકાનમાંથી વિદેશી દારૂની બે પેટી સહીત રૂ. ૭૨૦૦નો મુદ્દામાલ કબજે લીધો હતો.જ્યારે આરોપી બળવંતસિંહ અણદુજી વાઘેલાની ધરપકડ કરી હતી. પોલીસ પૂછતાછના અંતે કોલવડામાં રહેતા આરોપી દિગ્વિજયસિંહ ઉર્ફે ડીંગો વાઘેલાએ આ મુદ્દામાલ રાખવા આપ્યો હોવાનું પણ પોલીસના ધ્યાને આવ્યું છે. પોલીસે આરોપી દિગ્વિજયસિંહની અટક કરતા તપાસ હાથ ધરી છે. પેથાપુર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ઝુંડાલ રીંગ રોડ પર ગ્રામજનોએ ટ્રકમાં આગ ચાંપી : અફડાતફડી

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર જિલ્લાના ઝુંડાલ રીંગ રોડથી આજે બપોરે પસાર થતી એક ટ્રકમાં પશુઓનું ચામડું હોવાની શંકાએ ઉશ્કેરાયેલા ગ્રામજનોએ ટ્રક થોભાવી ટ્રકને આગ ચાંપી હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો. જેને લઈ પોલીસ હજુ આ મામલે પ્રાથમિક તપાસ કરી રહી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ ગાંધીનગર જિલ્લાના ઝુંડાલ રીંગ રોડ પરથી આજે બપોરના સમયે એક ટ્રક પસાર થઈ રહી હતી તે દરમિયાન ગ્રામજનોને ટ્રકમાં પશુઓનું ચામડું હોવાની શંકાએ ઉશ્કેરાયેલા ગ્રામજનોએ ટ્રકને માર્ગમાં અટકાવી હતી અને કોઈપણ પ્રકારની વાત જાણ્યા વગર ટ્રકને આગ ચાંપી દીધી હતી જેથી માર્ગ પર ક્ષણવારમાં જ ભારે અફડાતફડીનો માહોલ સર્જાયો હતો. આ મામલે ફાયર ફાયટરને જાણ થતા તેઓ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યા હતા ને આગને બુઝાવી અડાલજ પોલીસને જાણ કરી હતી જેથી પોલીસે ઘટના સ્થળે જઈ સમગ્ર મામલાની જાણકારી મેળવવાની તજવીજ હાથ ધરી છે. પરંતુ હજુ સુધી આની સંપૂર્ણ વિગતો પ્રકાશમાં આવી નથી પોલીસે હાલ આ મામલે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. જેમાં એફ.એસ.એલની પણ મદદ લઈ સાચી હકીકત શોધી રહી છે. આ ઘટનામાં ખરી શું હકીકત છે તે તો પોલીસની તપાસ બાદ જ માલૂમ પશે. આ ઘટનાની તપાસ અડાલજના પી.આઈ. એમ.એમ. પરમાર ચલાવી રહ્યા છે.

# ઓરડામાં એકાદ ચિત્ર હોય તેય પુરતું છે, જીવનમાં એક મિત્ર હોય પુરતું છે, અંતરથી ભલેને રહો જોજનો દૂર, હૃદયમાં સમાયેલો હોય પુરતું છે

## એક જ બેન્ચ પર બેસીને ભણેલાં મિત્રો કોર્પોરેટર કાર્તિકભાઈ પટેલ અને ડૉ. ઉમેશભાઈ પટેલ એકબીજાનો પડછાયો બની સામાજિક જવાબદારીઓમાં ખભેખભો મિલાવી પ્રસંગ પાર પાડે છે

સંબંધ સજાવે જિંદગી

**ભાઈ જેવો ભાઈબંધ**

- સંજય થોરાત

gsrelation@yahoo.com



સ્કૂલની મિત્રતાની વાત જ કંઈક ન્યારી હોય છે. એ મિત્રતામાં અહંકાર વચ્ચે બેસી શકે એટલી બેંચ પર જગ્યા જ હોતી નથી અને એટલે જ શાળામાં ફેમિલી બ્રેક ગ્રાઉન્ડ કે કાસ્ટની બાળકોને જાણ હોતી નથી ને મૈત્રી થાય છે, અહંકારની જગ્યા છેલ્લી પાટલીએ હોય છે ! કોઈ વ્યક્તિને ચાહવા માટે કોઈ પૂર્વ શરતો હોતી નથી એવું પાઠ્ય પુસ્તકમાં લખેલું નહીં અને છતાંય એ વાત પ્રાયમરી સ્કૂલમાં જ શીખવા મળે પણ એ વાત કોઈ પરીક્ષામાં પુછાઈ નહી અને છતાંય જિંદગીની મિત્રતાની દરેક પરીક્ષામાં ફસ્ટ કલાસમાં વગર માર્કશીટે જ ઉર્તીણ થયા એવા બે લંગોટીયા મિત્રો આજેય અભેદ મૈત્રી ધરાવે છે..

આ મિત્રોમાંથી એક તો આજે શાળાના પ્રિન્સીપાલ થઈ નવા બાળ મિત્રો બનતાં એમની નજર સમક્ષ જોઈ રહ્યા છે. એવા કાર્તિકભાઈ પટેલ કે જેઓ ગાંધીનગરનાં વોર્ડ નં.-૯ ના કોર્પોરેટર છે. સેકટર-૭ માં રહેતાં કાર્તિકભાઈ પટેલ બી.એસ.સી., બી.એડ્. થઈ અમદાવાદની એરોમાં હાઈસ્કૂલમાં ગણિતનાં શિક્ષક તરીકે નવ(૯) વર્ષની સેવા આપી હાલ ૯ વર્ષથી નૂતન ફેલોશીપમાં આચાર્યનો કાર્યભાર સંભાળી રહ્યા છે.

કાર્તિકભાઈનાંમિત્ર ઉમેશ પટેલ એમ.બી.બી.એસ. ડૉકટર થઈ હાલ અમેરિકા સ્થાયી થયેલા છે. મૅડિકલની ઉજ્જવળ કારકિર્દી ધરાવતાં ડૉ. ઉમેશભાઈ સે.-૨૩ સ્વામિનારાયણ મંદિરના સત્સંગી છે. સ્વભાવે ઉત્સાહી અને સેવાકીય ગુણો ધરાવતાં ડૉ. ઉમેશભાઈ સે.-૨૪માંએમનુંઘર ધરાવે છે જ્યાં હાલ એમનાં નાના બહેનનો પરિવાર સ્થાયી થયેલ છે.

ગાંધીનગરમાં સરકારી સ્કૂલોના દબદબા વચ્ચે કડી સ્કૂલની સ્થાપના લગભગ ૧૯૭૮-૭૯માં થઈ અનેએ દરમ્યાન થોડા ઘણાં સુખી સંપન્ન પરિવારનાં બાળકો કડી સ્કુલમાં ભરતી થઈ ગયા. એ જ વખતે સેકટર-૧૬માં રહેતા ઉમેશભાઈ અને સેકટર-૨૧માં રહેતાં કાર્તિકભાઈએ ધોરણ-૫માં ત્યાં પ્રવેશ મેળવ્યો અને પહેલા જ દિવસથી એક જ બૅન્ચ પર આસન જમાવી દીધું. ધોરણ-૧૦ સુધી શેઠ સી.એન.ના આ વિદ્યાર્થીઓ એક જ બેંચ પર બેસી મૈત્રિના પાઠ ભણ્યાં..!!!

દસમાં ધોરણમાં ઉમેશભાઈને ગણિત- વિજ્ઞાનનાં થઈને ૯૬ ટકા આવ્યા અને એ વખતે સેંટ ઝેવિયર્સમાં મેરીટમાં નંબર હતો અને એ શાળામાં એડમિશનનો ક્રેઝ પણ સૌને હતો. પણ ઉમેશભાઈએ મિત્ર કાર્તીકભાઈ માટે થઈ સેન્ટ ઝેવિયર્સ પડતી મુકી સેકટર-૧૫ની માધ્યમિકમાં પ્રવેશ લીધો. દોસ્તી હો તો ઐસી..! ટકાવારીનાં ફરકને કારણે બંને મિત્રોના કલાસ અલગ આવેલા પણ કાર્તિકભાઈ એમનો કલાસ છોડી ઉમેશભાઈના કલાસમાં એની જ બેંચ પર બેસી ભણતાં..!!

બારમાં ધોરણમાં ઉચ્ચ ગુણો સાથે પાસ થઈ ઉમેશભાઈને બી.જે. મેડિકલમાં પ્રવેશ મળ્યો તો કાર્તિકભાઈ ભવન્સ કોલેજમાં બી.એસ.સી. કરવા ગણિતનાં દાખલા ગણવા માંડ્યા.. બંનેની કોલેજ અલગ છતાંય અઠવાડિએ એકવાર બંને બી.જે. મેડિકલ ભેગા થઈ ત્યાંથી સાથે જ બસમાં પાછા ફરતાં. ઉમેશ- કાર્તિકનાં મિત્રોય કોમન અને એટલે જ અમદાવાદથી સાથે ગાંધીનગર આવી ઘ-૫ ઉતરી શાલીમારમાં પિકચર જોવા ઉપડી જતાં.!! પ્રાથમિક સ્કૂલની મૈત્રી, માધ્યમિકમાં પુષ્ત થઈ કોલેજ પતતાં સુધીમાં તો પરિપકવ થઈ ગઈ..!!

ડૉકટર થયેલાં ઉમેશભાઈને અમેરિકન ગ્રીનકાર્ડ હોલ્ડર છોકરીનું માંગુ આવ્યું, પણ એકના એક એવાં ઉમેશભાઈને એમનાં મા-બાપ અને બહેનોની ચિંતા હતી અને કાર્તિકભાઈએ ચિંતાનું પોટલું ચપટી વગાડતાં પોતાના માથે લઈ ઉમેશભાઈનો અમેરિકા જવાનો માર્ગ મોકળો કરી દીધો. અને પછી તો કાર્તિકભાઈએ જવાબદારીપૂર્વક ઉમેશભાઈના પરિવારને સંભાળી લીધો..જ્યારે કાર્તિકભાઈના લગ્ન નક્કી થયાં ત્યારે કાર્તિકભાઈએ કન્યાપક્ષ સમક્ષ એક જ માંગણી મુકી કે મારો મિત્ર જ્યારે અમેરિકાથી આવે એ સમયગાળામાં જ લગ્નની તારીખ નક્કી કરવી..!!

બન્યુંય એવું જ અને ડૉ. ઉમેશભાઈની પધરામણી બાદ જ આમનાં લગ્ન થયાં અને કન્યાપક્ષનેય ઉત્સુકતા હતી કે આ ભાઈ કોણ છે જેના માટે વરે કન્યાને રાહ જોવડાવી.. કાર્તિકભાઈ કડવા પટેલ અને ડૉ. ઉમેશભાઈ લેઉવા પટેલ પણ આ મૈત્રિમાં ક્યારેય કડવા- લેઉવાના કડવા વચનો આવ્યાં નથી. ૩૨ વર્ષથી નભી રહેલી આ દોસ્તીમાં આ બંનેની એક વાત પાછી ન્યારી છે. કાર્તિકભાઈ સ્નાતક છે અને એમનાં પત્નિ ડૉકટર છે, જ્યારે ઉમેશભાઈ ડૉકટર છે અને એની પત્નિ સ્નાતક છે, એટલે પારિવારીક પલડું સમાન છે.!!

મૈત્રીની કસોટી દુઃખમાં જ થાય છે અને બન્યુંય એવું જ કે ડૉ. ઉમેશભાઈ અમેરિકા અને એમનાં પિતાને દસેક વર્ષ પહેલાં હાર્ટ એટેક આવ્યો. અમદાવાદ સારવાર માટે કાર્તિકભાઈ રાતોનાં ઉજાગરાં કરતાં રહ્યાં અને એમને સારુ લાગતાં અને બીજા દિવસે રજાની વાત જાણતાં કાર્તિકભાઈ ઘરે આવ્યા અને પરોઢિએ જ ફરી તબિયત લથડતાં એમને વેન્ટીલેટર પર ચઢાવ્યા અને જોતજોતામાં ડૉ. ઉમેશભાઈના પિતાજી ધામમાં પહોંચી ગયા.. અઠવાડિયા બાદ જ જ્યારે ડૉ. ઉમેશભાઈના માતા-પિતા અમેરિકા જવાનાં હતા અને વિઝા- ટીકીટ તૈયાર હતાં એવામાં આખી બાજી જ ઉંધી થઈ ગઈ.

કાર્તિકભાઈએ મિત્રને ફોન કરી સમજાવી એટેક- બાયપાસનાં દર્દી મમ્મીનો વિચાર કરી ડેડ બૉડી વધુ દિવસ ન રાખવા સમજાવ્યા અને કાર્તિકભાઈ મિત્રના પપ્પાનો અંતિમ વિધીની જવાબદારી અશ્રુભરી આંખે નિભાવી. ડૉ.ઉમેશભાઈની બંને બહેનોએ પિતાનાં અર્થીને કાંધ આપી અને સ્મશાને જઈ અગ્નિદાહ પણ આપ્યો. આખું સ્મશાનનું વાતાવરણ લાગણી અને અશ્રુના ઘોડાપુરમાં ઉમટી ગયું.. દુખદ પ્રસંગમાં મિત્રોની સમજૂતીથી હેમખેમ સમાજમાં આબરૂ વધી ગઈ. પછી તો ડૉ. ઉમેશભાઈ આવી લોકાચાર પતાવી મિત્રની સમજૂતીથી જ મમ્મીને અમેરિકા લઈ ચાલ્યાં ગયાં..!! કોલેજકાળમાં માત્ર ગપ્પા મારવાં સાયકલ પર છેક મોઢેરા સ્ટેડિયમ સુધી ફરવા જતાં આ મિત્રોની યાદો અને વાતો મિત્રતાની મિસાલ સમાન છે.. પ્રભુ આમનાં જેવી મૈત્રી સૌને બક્ષે...

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૪
સૂર્યાસ્ત : ૭.૨૭

## તાપમાન

મહત્તમ : ૩૪.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૭.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૮૧ ટકા ● સાંજે ૬૨ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

: સ્કીન-૧ :
કૉકટેલ : ૧૧.૦૦, ૧.૪૫, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્કીન-૨ :
કૉકટેલ : ૧૦.૦૦
બોલ બચ્ચન : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૧૦.૧૫

: સ્કીન-૩ :
કૉકટેલ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

: સ્કીન-૪ :
બોલ બચ્ચન : ૨.૧૫, ૫.૦૦, ૭.૪૫, ૧૦.૩૦

### સિને મેક્સ

: સ્કીન-૧ :
કેવી રીતે જઈશ : ૯.૪૫
કૉકટેલ : ૧૨.૩૦, ૬.૩૦, ૯.૩૦
ધ અમેઝીંગ સ્પાઈડરમેન -૩ડી(હિન્દી) : ૩.૩૦

: સ્કીન-૨ :
બોલ બચ્ચન : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્કીન-૩ :
કૉકટેલ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્કીન-૪ :
કૉકટેલ : ૯.૦૦, ૩.૦૦
બોલ બચ્ચન : ૧૨.૦૦, ૬.૦૦, ૯.૦૦

### સૂર્યા, વાવોલ

હોન્ટેડ હાઉસ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ટ્રેડ એક જંગ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### ધાર્મિક

- શ્રીમાળી બ્રાહ્મણ સમાજ, ગાંધીનગર દ્વારા બિપીનભાઈ ત્રિવેદી ૭૭૯/૧, સેકટર-૨/સી, ના નિવાસ સ્થાને શ્રાવણ માસ નિમિત્તે શિવમહિમ્ન પાઠ યોજાશે.

## આપની આજ

**મેષ** : નવી આયોજનો માટે રોકાણ કરતાં પહેલાં યોગ્ય તપાસ કરવી હિતાવહ રહેશે. આર્થિક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થવાની સંભાવના છે. ધાર્મિકક્ષેત્રે યાત્રા પ્રવાસનું આયોજન અને ધાર્મિક કાર્યો થઈ શકે છે.

**વૃષભ** : આજે જળ ક્ષેત્રોની વિશેષ યાત્રાઓનું આયોજન થઈ શકે છે. સાહિત્યકારો, કવિ વર્ગ અને કલાકારો માટે ભાગ્ય વૃદ્ધિનો સમય રહેશે. આરોગ્યલક્ષી આહાર લેવો. પેટ સંબંધી બિમારી થઈ શકે છે.

**મિથુન** : આપના કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યા છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્ય થઈ શકશે. લગ્નવાંચ્છુકોને પોતાની જીવનસાથીની પસંદગી થઈ શકે છે. સમાજ અને રાજકીયક્ષેત્રમાં સન્માન પ્રાપ્ત થવાની સંભાવના છે.

**કર્ક** : આર્થિકક્ષેત્રમાં નવા રોજગારી- વ્યાપાર સંબંધી કાર્યો થઈ શકશે. વિવાદિત આર્થિક પ્રકરણોને સંયમપૂર્વક ઉકેલવાથી યોગ્ય નિકાલ આવી શકશે.

**સિંહ** : અરણિતો માટે લગ્નનો યોગ બની રહ્યો છે. કુટુંબમાં શુભ મંગળ કાર્ય થશે. વ્યવસાયિક ભાગીદારી માટે ઉત્તમ સમય રહેશે. કલાત્મક કાર્યનો પ્રારંભ થશે.

**કન્યા** : આપને ઉપયોગી બની રહે એવા નવા સંબંધો બનશે. માનસિક શાંતિ જાળવી રાખવી. સત્સંગમાં ભાગ લેવાનું થઈ શકે છે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે. વ્યાપાર મધ્યમ રહશે.

**તુલા** : પસંદગીદાર સ્થળ ઉપર તમે પ્રવાસ ખેડી શકશો. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા- સંબંધીઓથી મુલાકાત થઈ શકશે. દામ્પત્ય સુખમાં કમી ન આવે તેની તકેદારી રાખવી.

**વૃશ્ચિક** : કર્મક્ષેત્ર સંબંધી સમસ્યાઓના નિરાકરણ હેતુ પ્રવાસ અને ભાગદોડ થવાની સંભાવના છે. વિવાદિત કાર્યોમાં સંયમ રાખી કામ કરવું. આરોગ્ય પ્રતિ સતર્ક રહેવું.

**ધન** : આધ્યાત્મ સંબંધી કાર્યોમાં વિશેષ લાભ પ્રાપ્તિ થવાનો યોગ બની રહ્યો છે. ભાગ્યવર્ધક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. કલાત્મક શિક્ષાનાં કાર્યોમાં રૂચિ વધશે.

**મકર** : ભૌતિક સુખ પ્રાપ્ત થવાનો યોગ છે. સામાજિક ક્ષેત્રોમાં માન-સમ્માન અને પ્રતિષ્ઠામાં વધારો થઈ શકશે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક ઉચ્ચ પરિણામ પ્રાપ્ત થશે.

**કુંભ** : કૌટુંબિક જીવનમાં તનાવ વધે નહીં તેની તકેદારી રાખવી. આપમાં પ્રબળ આત્મવિશ્વાસથી મુશ્કેલ કાર્ય પણ સહેલાઈથી પાર પાડી શકો છો. વ્યાપારક્ષેત્રમાંનવા આયોજનો થઈ શકશે. નવા સંબંધો બંધાશે.

**મીન** : કુટુંબમાં મંગળ કાર્યોનું આયોજન કરી શકશો. આપ ધાર્મિક કાર્યોમાં સમય પસાર થઈ શકે છે. વ્યાપાર અને વ્યવસાયિકક્ષેત્રના કાર્યોમાં વિશેષ ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાનો યોગ બની રહ્યો છે.

## ચિરવિદાય

- સ્વ. કનુભાઈ શકરાભાઈ વાળંદ (ઉ.વ. ૫૫)મુ.પો. વડોદરા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. જીજીયાબેન સુંદરજી વણઝારા (ઉ.વ. ૧૦૨) સેકટર-૧૪ ગોકુળપુરાના નવા છાપરાં, ગાંધીનગર.